જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૧/૨૦૨૧ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૦૮૬/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૧૩ | ૪ | ૧૧૭૧૭ | ૧૭૮૨૩ | ૪ | ૧૭૮૨૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૦ | ૦ | ૧૨૦ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૩૭૯૧ | ૪૫ | ૭૩૮૩૬ | ૭૪૮૬૩ | ૪૯ | ૭૪૯૧૨ |
| | કુલ | ૯૦૩૫૭ | ૪૯ | ૯૦૪૦૬ | ૯૯૩૬૫ | ૫૩ | ૯૯૪૧૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | **MV Act 1988** હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૩ | ૩,૬૭,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૭૨ | ૫,૭૨,000/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા દિપક ઉર્ફે દિપલો સ/ઓ રામજીભાઇ ચાવડા ઉ.વ.૩૦ રહે, મ.નં.૫૧, અનિલ વકીલની ચાલી પ્રેમનગર, મેમ્કો અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૬૮૬/૨૦૨૧ ઈપીકો ૩૨૪, ૩૨૩, ૫૦૬(૧), ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૫૬૮/૨૦૨૧ ઈપીકો ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૬૩૦/૨૦૨૧ તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૫/૧૧/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## **નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી ૧૫,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૮૯/૨૦૨૧**

**સરખેજઃ** મિલનભાઇ રમણીકભાઇ વઘાસીયા (ઉ.વ.૩૫) (રહે. આર્યન એમ્બસી સ્વામિનારાયણ મંદિર પાસે એસ.પી.રીંગરોડ આંબલી) એ તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મિલનભાઈ વઘાસીયા એક્સેસ એન્જીનિયરીંગ સર્વિસ ઈન્ડીયા પ્રા.લી.કંપની ધરાવી ધંધો કરતા હોઈ માહે ઓગષ્ટ/૨૦૧૮ માં ઈલેક્ટ્રીક પોલ્સનો ઓર્ડર મળતા ઈલેક્ટ્રીક પોલ્સ બનાવવાનુ કામ કરતા આરોપી (૧) ઇકબાલભાઇ નાથાણી (૨) ઝૈઇન ઇકબાલ નાથાણી (બન્ને ઠેકાણુ. બોમ્બે ટ્યુબ્સ એન્ડ પોલ્સ ઇન્ક્રા એલ.એલ.પી.નામની કંપની સરનામુ- પ્લોટ નં-૧૦૦, સેકન્ડ લેન દારુખાના, મઝગાવ, મુંબઇ મહારાષ્ટ્રના માલીક. ફેક્ટરીનુ સરનામુ કહાલપુર, ડીસ્ટ્રીક્ટ રાઇગઢ હોનર્ડ ખોપોલી મહારાષ્ટ્ર) નો સંપર્ક કરતા તેઓએ ઈલેક્ટ્રીક પોલ્સના ઓર્ડર મુજબ કુલ રૂપિયા ૯,૯૧,૩૧૮/- થતા હોવાનુ જણાવતા મિલનભાઈએ ઈમેલના માધ્યમથી ઈલેક્ટ્રીક પોલ્સનો ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ મિલનભાઇ વઘાસીયા પાસેથી ટુકડે-ટુકડે રૂપિયા ૯,૯૧,૩૧૮/- મેળવી લઈ ઈલેક્ટ્રીક પોલ્સનો માલ કે માલ પેટે ચુકવેલ રૂપિયા આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

**નવરંગપુરાઃ** રુક્ષમણીબહેન રામકિશન કોષ્ટી (ઉ.વ.૬૮) (રહે.આરતી સોસાયાટી અજય ટેનામેન્ટ વિભાગ-૫ મહાદેવનગર વસ્ત્રાલ રોડ રામોલ) એ તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૦૮ થી તા.૧૫/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) લક્ષ્મણભાઈ ઉદાજી અહારી (રહે. ચારુ એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે વેજલપુર) અને (૨) નગીનભાઈ ચુનીલાલ ગોરીયા (રહે. ગર્વમેન્ટ ઓફીસર કોલોની ગુલબાઈ ટેકરા પોલીટેકનીક પાસે આંબાવાડી) એ ભેગા મળી રુક્ષમણીબહેન કોષ્ટીને વિશ્વાસમાં લઈ નવરંગપુરા આશ્રમરોડ વેચાણવેરા ચોથા વર્ગના કર્મચારીઓની સહકારી ધિરાણ મંડળી લી.અમદાવાદ રજી.નં-૧૦૯૪૯ મંડળીમાં રુક્ષમણીબહેન કોષ્ટી પાસે કુલ રૂપિયા ૨,૭૦,૦૦૦/- ધીરાણ કરાવી આજદીન સુધી ધીરાણ કરેલ રકમ કે વ્યાજ પરત નહી આપી મંડળી બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુંટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૦/૨૦૨૧</u>**

**રાણીપઃ** મધુબહેન વા/ઓ જયંતિલાલ પંચાલ (ઉ.વ.૬૨) (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ વ્યાસવાડી પાસે નવા વાડજ) તા.૧૪/૧૧/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રાણીપ સુભાષબ્રિજ સર્કલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયક્લ ઉપર આવેલ બે પુરૂષ મધુબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબહેન પંચાલે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**નારણપુરાઃ** સન્નીદિલીપભાઇ ચૌહાણ (ઉ.વ.૩૩) (રહે. ચંપકનગર સ્વસ્તિક સ્કુલ સામે નવા વાડજ) તા.૧૪/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા ૧૩૨ રીંગરોડ એ.ઇ.સી.બ્રિજ પાસે ગુરૂપ્રેમ ટર્મીનલ કેર હોસ્પિટલ આગળથી જ્યુપીટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયક્લ નંબર જીજે ૦૧ પીવી ૦૪૯૮ ઉપર આવેલ બે પુરૂષ સન્ની ચૌહાણના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સન્ની ચૌહાણ એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૧/૨૦૨૧</u>**

**શહેરકોટડાઃ** આરતી ઉર્ફે કોમલ ડૉ/ઓ સુરેશભાઇ પટણી (ઉ.વ.૧૮) (રહે. ચાલી નંબર-૯૯૯ પટણીવાસ પ્રેમનગર રાજસ્થાન વિડિયો પાસે મેમ્કો) એ બિમારીથી કંટાળી તા.૧૫/૧૧/૨૦૨૧ સવારના ૯/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠીસિહ કેસરીસિહ ચલાવે છે.

**નિકોલઃ** ભરતભાઇ સ/ઓ પ્રતાપજી વચેટા (ઉ.વ.૪૨) (રહે. વૃંદાવન રેસીડેન્સી સ્વામિનારાયણ પાર્ક સામે હંસપુરા રોડ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નિકોલ રસપાન સર્કલ પાસે વૈકુંઠ કોમ્પલેક્ષ ખાતે દુકાન નંબર-૯ દેવી ડ્રાય કલીનર્સ નામની પોતાની દુકાનમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.